હારમોનીયમ શિખવાની શરૂઆતની સ

આ ચોપડી વાજીંત્ર શીખનારાં દરેક ભાગો માટે ઉપયોગી થશે.

પ્રસીદ્ધ કર્તા,

નાનાભાઈ દામોદર વાજીંત્ર શિક્ષક.

મળવાનું ઠેકાણું — રણજીવનદાસ કુંકીરાનદાસ હારમોનીય
કાળબાદેવી રોડ પોષ્ટ નંબર—૨. મુંબઈ.

મુંબઈ.
યુનીઅન પ્રીંટીંગ પ્રેસ. ગુલાલવાડી ઘર નં. ૪૨
પ્રીંટર ... મુદ્રાજીએ માલીક નાનાભાઈ દામોદર ...

કીંમત આના ચાર.

આ સમજની ચોપડીથી હારમોન્યમ શીખનારને ઘણી ઉપયોગી થઇ પડશે.

હાર્મોન્યમની સમજ.

કિં. ચાર આના.

કર્તા—નાનાંભાઇ દામોદર વાજીંત્ર શીક્ષક. ઠે૦ પાયધોની—મુંબઇ.

એ અંગ્રેજી વાજિત્ર છે. સાદી રીતે જોતાં એમાં સફેદ અને કાળી એવી બે જાતની કળો જોવામાં આવેછે.

કાળી કળો ઉપર વધારે ધ્યાન રાખીને જોતાં તેને બે જાતના જથામાં ગોઠવેલી હોય એમ જણાય છે. એક જાતના જથામાં બે કાળી કળો અને વચમાં એક કળ રહે એટલી જગ્યા મુકી દઇને જોતાં બીજી જાતનો એટલે ત્રણ કાળી કળો સરખે અંતરે હોય એવો જથો, વળી આગળ જોઇએ ત્યારે એજ રીતે પહેલા બે અને પછી ત્રણ એ રીતે કાળી કળો દેખાય છે. કાળી કળોની એવી ગોઠવણ પરથી હાર્મોન્યમ બે જાતની આકૃતીનું બને છે એમ જણાય છે.

પેહેલી જાત—જેમાં ડાબા હાથ તરફની પેહેલી આવેલી સફેદ કળ "પંચમ" નો સુર આપે છે. તેમજ તે કળની પાસે કાળી બે કળો હોય છે. ઘણું કરીને હાલમાં ત્રણ સપ્તકનાં એજ જાતના "હાર્મોન્યમો" આવે છે.

બીજી જાતનાં—જેમાં ડાબા હાથ તરફની પેહેલી સફેદ કળ " સા " નો સુર આપે છે. તેમજ તે કળની પાસે કાળી ત્રણ કળો હોય છે, ઘણું કરીને આ બનાવટના થોડાજ હાર્મોન્યમો આવે છે.

કોઇપણ જાતનું સપુર્ણ સુરનું વાજિંત્ર વગાડનારે જાણવું જોઇએ કે મુખ્ય સુર સાત છે. અને એ ર સુરના જથાને સપ્તક કહે છે, ગાનાર અથવા વગાડનાર એવા ત્રણ સપ્તકનો ઉપયોગ કરે છે. એ ત્રણે સ૨

ઓળખાણને માટે જુદાં જુદાં નામો રાખેલાં છે, પહેલા સપ્તકનો અવાજ ધાડો નીકળે છે તેથી તેને "ખરજનો સપ્તક એવું નામ આપેલું છે. બીજા સપ્તકનો અવાજ સાધારણ નીકળે છે તેથી ગાનારાઓ એ સપ્તકમાં ઘણું કરીને ગાય છે. માટે એ સપ્તકનું નામ "સુરનો સપ્તક" આપેલું છે. ત્રીજા સપ્તકનો અવાજ ઘણો બારીક હોવાથી તેનું "ટીપનો સપ્તક" એવું નામ આપેલું છે. કેટલાક "હાર્મોન્યમ" બરોબર ત્રણ સપ્તક હોય એવી બનાવટનાં આવે છે, પણ કેટલાંક તો તેથી વધારે એટલે ૩ા—૩ાા—૪ા સપ્તકનાં હોય છે પણ ગાનાર અથવા વગાડનારને ત્રણથી વધારે સપ્તકની જરૂર પડતી નથી,

ઉપર લખવા મુજબ મુખ્ય સુર સાત છે તે આ પ્રમાણે—સા, રી, ગ, મ, પ, ધ, ની

એ સુરોમાં રી, ગ, મ. ધ, ની, એટલા પાંચ સુરોના બે ભેદ છે. તેને "કોમળ" અને "તીવ્ર" એવાં નામ આપેલાં છે. જેમકે કોમળ (રી) અને તીવ્ર (રી) કોમળ (ગ) અને તીવ્ર (ગ), કોમળ (મ) અને તીવ્ર (મ), કોમળ (ધ) અને તીવ્ર (ધ), કોમળ (ની) ને તીવ્ર (ની), એ રીતે પાંચના મળીને દસ, તથા "સા" અને "પ" એ એક એક મળીને બાર સુર દરેક સપ્તકમાં હોય છે.

"હાર્મોન્યમ" આગળ કહી ગયા માફક, જોકે બે જાતની બનાવટનાં આવે છે, પણ શીખઓનારને સેહેલું રે એટલા માટે આ ચોપડીમાં બીજી જાતનું એટલે જેમાં ડાબા હાથ તરફની પહેલી સફેદ કળ "સા" નો સુર છે, એવી બનાવટનું હાર્મોન્યમ વગાડવાની રીત આપેલી છે. પણ કોઇ પાસે પેહેલી જાતનું એટલે જેમાં

ડાબા હાથ તરફ પેહેલી સફેદ કળ "પ" એટલે પંચમનો સુર આપે એવી બનાવટનું "હાર્મોન્યમ" હોય તો તેણે ડાબા હાથ તરફની "સફેત ચોથી કળને" (સા) નો સુર સમજીને પછી આગળ મેળવી લેવાથી બધી હરકત દુર થશે.

હાર્મોન્યમની કળોપર સુર ઓળખવાની રીત

કાલી ચાવી		રૃી	ગુ		મુ		ધુ	નૃી	
સફેદ ચાવી	સા	રી	ગ		મ	પ	ધ		ની

(જેની પર કળો ગોઠવેલી છે તેને "કીબોર્ડ" કહે છે) કળો ડાબા હાથ પરથી ગણવી.

પેહેલી સફેદ કળ તે "સા" તેની પાસેની કાળી કળ તે, કોમળ "રૃી"

બીજી સફેદ કળ તે તીવ્ર "રી" તેની પાસેની કાળી કળ તે, કોમળ "ગુ"

ત્રીજી સફેદ કળ તે તીવ્ર "ગ" તેની પાસેની કાળી કળ તે, કોમળ "મુ"

ચોથી સફેદ કળ તે તીવ્ર "મ"

પાંચમી સફેદ કળ તે "પ" તેની પાસેની કાળી કળ તે, કોમળ "ધુ"

છઠી સફેદ કળ તે તીવ્ર "ધ" તેની પાસેની કાળી કળ તે, કોમળ "નૃી"

સાતમી સફેદ કળ તે તીવ્ર "ની"

એ રીતે સાત સફેદ અને પાંચ કાળી મળીને બાર કળોમાંથી નીકળના અવાજ તે બાર સુર થયા, અને એ બાર સુરનો સામટો જથ્થો તે પેહેલો અથવા ખરજનો સપ્તક થયો એ રીતે આઠમી સફેદ કળથી શરૂ કરીને

ચૌદમી સફેદ કળ સુધીનો તે બીજા અથવા સુરનો સપ્તક અને પંદરમી સફેદ કળથી શરૂ કરીને એકવીસમી સફેદ કળ સુધી તે ત્રીજો અથવા ટીપનો સપ્તક, દરેક સપ્તકના સુરોની ગોઠવણ પહેલા અથવા ખરજના સપ્તકની માફક સમજવી.

આ ઉપરથી વાંચનારે સમજવું કે કાળી કળો તે બધા કોમળ સુરને માટે છે અને સફેદ કળો તે તીવ્રને માટેછે.

ઉપલી ગોઠવણથી વગાડવાની રીત તો સેહેલી થઇ પડે છે, પણ હાલમાં ઘણે ભાગે ત્રણ કે સવા ત્રણ સપ્તકના હાર્મોનીયમો વપરાય છે અને વળી તે આગળ કહી ગયા તેવી પેહેલી જાતની આકૃતિનાં એટલે જેમાં ડાબા હાથ તરફની પેહેલી કળ "પંચમ" નો સુર આપે તેવી બનાવટનાં આવે છે. એ ત્રણ સપ્તકની હાર્મોનીયમોમાં ૨૨ સફેદ કળો અને ૧૫ કાળી મળી ૩૭ સુરો આવે છે, અને સવા ત્રણ સપ્તકમાં ૨૩ સફેદ અને ૧૬ કાળી મળી ૩૯ સુરો આવે છે હવે જ્યારે પ્રથમની ત્રણ સફેદ કળો મુકી દઇ ચોથી સફેદ કળ પરથી "સારીગમની" શરૂઆત કરવાથી ત્રણ સફેદ અને બે કાળી મળી પાંચ સુરો ઓછા થાય છે તેથી કરીને ત્રીજો ગ્રામ જેને ટીપગ્રામ કહે છે તે અધુરો રહી જાય છે, કારણ કે એકંદર ૩૬ સુરો હોય ત્યારે ત્રણ ગ્રામ પુરા થાય છે. પણ બીજી જાતની આકૃતિના એટલે ડાબા હાથ તરફની પેહેલી કળ "સા" નો સુર આપે તેવી બનાવટના હાર્મોનીયમમાં શરૂઆતથી "સારીગમ" ગણતા ત્રણ ગ્રામ પુરા થાય છે

સા રી ગ મ પ ધ ની એ સુરો વાજિંત્રમાં પક્કા ઓળખ્યા વિના તેમજ ઉપર બતાવેલા ત્રણ સપ્તક તથા કોમળ અને તીવ્ર સુરોના ભેદ બરાબર સમજ્યા વિના ગાયન વગાડતાં શિખવાનું શરૂ કરવું નહીં.

હવે શિખનારને ઉપર બતાવેલી રીત મુજબ કળો બરાબર ધ્યાનમાં રાખી આગળ બતાવ્યા પ્રમાણે વગાડતાં શિખવા શરૂઆત કરવી.

૧ . . .	૧ . . .	૧ . . .	૧ . . .	૧ . . .	૧ . . .	૧ . . .	૧ . . .
							ટી
*સા . . .	રી . . .	ગ . . .	×મુ . . .	પ . . .	ધ . . .	ની . . .	સા . . .

*આ "સારીગમ" તથા તેની પછીની જુદી જુદી બનાવેલી "સારીગમ" સુરના સપ્તકની છે એમ જાણવું. એજ રીતે ખરજની તથા ટિપની "સારીગમ"વગાડીને યાદ કરવી.

×હમેશાં સાદી "સારીગમ" વગાડવામાં અથવા ગાવામાં "મુ" કોમળ વપરાય છે. "સારીગમ" ના સાત સુર ગળામાંથી કહાડતાં "મુ" નો અવાજ કુદરતી કોમળજ નીકળે છે. માટે "સારીગમ" શિખતાં "મુ" કોમળ વાપરવો. જેમ "સા" અને "રી" ની વચ્ચે કોમળ "રૂી" છે તેમજ "રી" અને "ગ" ની વચ્ચે કોમળ "ગુ" છે તેમ "ગ" અને "મુ" ની વચ્ચે કોઇ સુર નથી માટે (મુ) કોમળ થયો. "મુ" અને "પ" ની વચ્ચે એક "મ" નો સુર છે તેને ચઢી મધ્યમ અથવા તીવ્ર "મ" કહે છે. આ "મ" ને કોઇ ચોકસ રાગણીમાંજ ઉપયોગ કરવામાં આવે છે. બાકી "સારીગમ" ના સાત સુર ભરતી વખતે કોમળ "મુ" નો ઉપયોગ કરવો.

એ રીતે ઉપરનું બરાબર ધ્યાનમાં બેઠાબાદ તેને નીચે મુજબ ઉલટાવીને વગાડવું.

૧ . . . ૧ . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . .

ટી

સા . . . ની . . . ધ . . . પ . . . મુ . . . ગ . . . રી . . . સા . . .

એ "સારીગમ" વગાડી પકકી સમજ્યા બાદ હાથની ઝડપ વધારવા સારૂ ઉપરની "સારીગમ" ને બેવડી કરીને નીચે મુજબ વગાડવી.

૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . .

ટી ટી

સા . સા . રી . રી . ગ . ગ . મુ . મુ . પ . પ . ધ . ધ . ની . ની . સા . સા .

બેવડી કરેલી "સારીગમ" પકકી કર્યા બાદ તેને વળી નીચે મુજબ ઉલટાવવી.

૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . . ૧ . . .

ટી ટી

સા . સા . ની . ની . ધ . ધ . પ . પ . મુ . મુ . ગ . ગ . રી . રી . સા . સા .

એવડી "સારીગમ" સારી પેઠે ઉલટ પાલટ વગાડ

૧ . . . ૧ . . . ૧ . . . ૧ .

સારીગ . રીગમ . ગમપ . મપ

એ ધ્યાનમાં ઉતર્યા પછી વળી તેને આગળ

૧ . . . ૧ . . . ૧ . . . ૧ .

ટી

સાનીધ . નીધપ . ધપમ . પમ

હાથ વધારે છુટા કરવા સારૂ વળી નીચેની

(સા

૧ . . . ૧ . . . ૧ . . . ૧

સારીસારી ગ . રીગ રીગમ . ગ


૧ . . . ૧ . . . ૧ . . . ૧

ટી ટી

સાનીસાની ધ . નીધ નીધપ .

' થઇ શકે છે પણ ચાલુ સમયના શીખનારાઓ
ને એટલા તો અધીરા બની જાય છે, કે જો
તો કંટાળીને શીખવાનું માંડી વાળે છે. માટે
વાની ભલામણ કરીએ છીએ.

શોખીનોને ખુશ ખબર.



રીડીંગસો વાપરી અમારા લાંબા વખતના
ર જાત જાતના હાથના તેમજ ફોલ્ડીંગ
વૉલનેટ, મૅાગનીંગ, બ્લેક, સીશમી સાદા
દર હારમોનીયમો અમારે ત્યાં તઈયાર મળશે.
અમારી દુકાને દુવાના ભરની કોઈ પણ
ાલા તથા ઉન્હાળામાં તેમજ ચોમાસાની
ર થી અથવા મંગાવવાથી પુર્ણ ખાત્રી થશે.

તાના હારપેટીના સોલ એજન્ટ.

ર નંબર ૨—મુંબઈ.